# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

- ❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી પદના શપથ લીધા - નવા મંત્રીમંડળના સભ્યોએ પણ હોદ્દા અને ગુપ્તતાના શપથગ્રહણ કર્યા.
- ❖ રાજ્યમાં ભારે ગરમી વચ્ચે ગઈકાલે અનેક જિલ્લાઓમાં મેઘરાજાનું આગમન - સૌથી વધુ પોણા ત્રણ ઇંચ વરસાદ અમરેલીના બાબરા તાલુકામાં નોંધાયો.
- ❖ સુમૂલ દૂધના ભાવમાં પ્રતિલિટરે બે રૂપિયાનો વધારો – નવો ભાવવધારો આજથી લાગુ
- ❖ J.E.E. એડવાન્સ પરીક્ષામાં પ્રથમ 100 ક્રમાંકમાં રાજ્યના છ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું
- ❖ મહેસાણાના 2 દિવ્યાંગ ખેલાડીઓએ ઉત્તરપ્રદેશમાં યોજાયેલી નેશનલ પેરા ટેકવેન્ડો નેશનલ ચેમ્પિયનશીપમાં ચંદ્રક જીતી જિલ્લાનું ગૌરવ વધાર્યું

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# SWOREN IN CEREMONY

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગઈકાલે સાંજે રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા સમારોહમાં નવા મંત્રીપરિષદના સભ્યો સાથે શ્રી મોદીને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

આ શપથગ્રહણ સમારોહ દરમિયાન મંત્રીમંડળના 30 મંત્રીઓ, સ્વતંત્ર હવાલો ધરાવતા પાંચ રાજ્યમંત્રી અને 36 રાજ્યમંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા હતા.

ભાજપના વરિષ્ઠ નેતાઓ રાજનાથ સિંહ, અમિત શાહ, નીતિન ગડકરી, ડૉ. એસ. જયશંકર, પીયૂષ ગોયલ, ધર્મેન્દ્ર પ્રધાન, નિર્મલા સીતારામન અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ મંત્રીમંડળના મંત્રી તરીકે શપથ લીધા હતા.

**બાઈટ -**

શ્રી નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

શ્રી રાજનાથસિંહ, કેબિનટ મંત્રી

શ્રી અમિત શાહ, કેબિનેટ મંત્રી

શ્રી નિતીન ગડકરી, કેબિનેટ મંત્રી

કિરેન રિજિજૂ, પ્રહલાદ જોષી, ગિરિરાજ સિંહ, અશ્વિની વૈષ્ણવ, જ્યોતિરાદિત્ય સિંધિયા, ભૂપેન્દ્ર યાદવ, ગજેન્દ્રસિંહ શેખાવત, અન્નપૂર્ણા દેવી, હરદીપસિંહ પુરી, ડૉ. મનસુખ માંડવિયા, જી. કિશન રેડ્ડી, સી. આર. પાટીલ, ડૉ. વિરેન્દ્ર કુમાર અને જુઅલ ઓરામ, નીમુબેન બાંભણિયા સહિતના વરિષ્ઠ નેતાઓએ ગઈકાલે શપથગ્રહણ કર્યા.

આ શપથગ્રહણ સમારોહમાં શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહેમદ અફીફ, બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીના, મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ કુમાર જુગનાથ, નેપાળના પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ', ભૂતાનના પ્રધાનમંત્રી શેરિંગ તોબગે અને માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ મુઈઝુ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, દેશના મુખ્ય ન્યાયમૂર્તિ ડૉ. ડી. વાય. ચંદ્રચુડ, કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે સહિત વિવિધ રાજ્યના મુખ્યમંત્રીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

---

- POOL – PTC – BHAVNAGAR - HARSHAL PANDYA - PRAVESH

# STATE RAIN

રાજ્યમાં ભારે ગરમી વચ્ચે ગઇકાલે અનેક જિલ્લાઓમાં મેઘરાજાનું આગમન થયું છે.

અમદાવાદમાં ગઇકાલે સાંજે વાતાવરણમાં પલટો આવતા અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટું પડ્યું હતું. જો કે દિવસ દરમિયાન ગરમીનું પ્રમાણ યથાવત રહેતા લોકો ગરમી અને ઉકળાટથી ત્રસ્ત થયા હતા. આજથી અમદાવાદમાં આશિંક ઘટાડો થવાની સંભાવના છે.

વલસાડના ધરમપુર, કપરાડા, પારડી, ઉંમરગામ, વાપી, વલસાડમાં ગઈકાલે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. ધરમપુરમાં આવેલા વરસાદે કેરીના વેપારીઓની ચિંતામાં વધારો કર્યો હતો.

અમરેલીના બાબરા પંથકમાં ગઈકાલે માત્ર 2 જ કલાકમાં 2થી ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. અહીં ત્રબોડા ગામની સ્થાનિક નદીમાં તો પૂર આવી ગયું હતું.

બોટાદમાં ગઢડા રોડ, ભાવનગર રોડ, પાળીયાદ રોડ, ટાવર રોડ સહિતના વિસ્તારમાં વરસાદી ઝાપટું આવતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જ્યારે ભારે પવનના કારણે 2 મોટા હૉર્ડિંગ્સ ધરાશાયી થઈ ગયા હતા.

અમારા નર્મદા જીલ્લાના પ્રતિનિધિ દીપક જગતાપ જણાવે છે કે, નર્મદા જિલ્લાનાં એક કલાકમાં એક ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. જિલ્લાના તિલકવાડા, નાંદોદ, ગરૂડેશ્વર, ડેડીયાવાડા તાલુકામાં વરસાદ પડયો હતો.

અમારા બોટાદના પ્રતિનિધિ જણાવે છે કે, બોટાદ શહેરમાં ભારે પવનના કારણે કેટલાંક હોર્ડીંગ તૂટી પડયા હતાં.

મહીસાગર અને છોટાઉદેપુરમાં વરસાદ વરસતા ખેડુતોમાં ખુશી જોવા મળી હતી.

તાપીના સોનગઢ, વ્યારા અને વાલોડ સહિતના અનેક તાલુકામાં વરસાદ વરસતા લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.

ભરૂચ શુક્લતીર્થ ગામના પાટિયા પાસે ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે ઝાડ પડતા એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું અને છ વ્યક્તિઓને ઇજા થઈ હતી.

નવસારીમાં ગતરાત્રે વીજળીના ચમકારા બાદ વરસાદ પડતા વાતાવરણમાં ઠંકડ પ્રસરી હતી.

---------------------------------------------------------------------

-પીટીસી, નર્મદા, બોટાદ, નવસારી, નિકીતા **Source – dd news- pravesh**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# Sumul Dairy

સુરત તાપી જિલ્લા સરકારી સંઘ દ્વારા સુમુલ દૂધના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. સુમુલે એક લીટર દૂધના ભાવમાં બે રૂપિયાનો વધારો કર્યો છે.

અમારા સુરતના પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, સુમુલ ડેરી દરરોજ 12 લાખ, 50 હજાર લીટર દૂધનું વેચાણ કરે છે. દૂધનો ભાવ વધારો આજથી અમલમાં આવ્યો છે.

---

-રીપીટ

# J.E.E.

દેશની વિવિધ આઈઆઈટીમાં પ્રવેશ માટેની J.E.E. એડવાન્સ પરીક્ષામાં પ્રથમ 100 વિદ્યાર્થીઓમાં રાજકોટના ચાર અને અમદાવાદના બે એમ રાજ્યના છ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ગત 26 મેએ યોજાયેલી આ જેઈઈ એડવાન્સ પરીક્ષા રાજ્યના 11 હજારથી વધુ વિદ્યાર્થીઓએ આપી હતી.

આ સાથે સુરતના મોનિલ સાવલિયાએ EWS કેટેગરીમાં દેશમાં 84 મો ક્રમાંક પ્રાપ્ત કર્યો.

અમારા સુરતના પ્રતિનિધિ જણાવે છે કે, સુરતની પી.પી. સવપુરી સ્કૂલના 72 વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

----------------------------------------------------------------------

- પીટીસી સુરત – નીકિતા, પ્રવેશ

-(નવીન)

# Mehsana para championship

મહેસાણાના 2 દિવ્યાંગ ખેલાડીઓએ ઉત્તરપ્રદેશમાં યોજાયેલી નેશનલ પેરા ટેકવેન્ડો નેશનલ ચેમ્પિયનશીપમાં ચંદ્રક જીતી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

ઉત્તરપ્રદેશના સાહરનપુર ખાતે યોજાયેલી સાતમી નેશનલ પેરા ટેકવેન્ડો નેશનલ ચેમ્પિયનશીપમાં દિવ્યાંગ ખેલાડી રામજી ચૌધરીએ રજત ચંદ્રક અને જિતેન્દ્ર ચૌધરીએ સુવર્ણ ચંદ્રક મેળવીને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

---

- Source – ptc – Mehsana – pravesh

# SURAT ABVP MEETING

સુરતમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ – A.B.V.P.ની રાષ્ટ્રીય કાર્યકારી પરિષદ બેઠક ગઈકાલે પૂર્ણ થઈ. આ બેઠકમાં શિક્ષણ, સામાજિક ક્ષેત્રની દેશના અલગઅલગ પ્રદેશોમાં પરિસ્થિતિઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી.

ઈતિહાસકાર પદ્મશ્રી ડૉ. મીનાક્ષી જૈને આ બેઠકમાં 'પ્રાચીન અને મધ્યકાલીન ભારતમાં રાષ્ટ્રીયતાના તત્વો, ધાર્મિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય' વિષય પર જણાવતા કહ્યું કે, ભારતની ભૂમી વિદ્વાનોની ભૂમી રહી છે.

ભારતમાં ઈતિહાસકારોની અછત નથી, પણ ભારતીય દૃષ્ટિથી ભારતનો ઈતિહાસ લખનારા ઓછા છે.

મારો એ દિશામાં પ્રયત્ન છે કે, ભારતીય દૃષ્ટિથી ભારતીય ઈતિહાસ લખાય. વિશ્વમાં ઘણી પ્રાચીન સંસ્કૃતિઓ હતી, જે માત્ર સંગ્રહાલયમાં બચી છે.

-----------------------------------------------------------------

- **SOURCE – PRESS NOTE DESK – PRAVESH** -(નવીન)

# SOU

ઉનાળા વેકેશનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે પ્રવાસીઓને ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આ એક જ મહિનામાં અઢી લાખ કરતાં વધુ પ્રવાસીઓએ અહીંની મુલાકાત લીધી છે, જે ગયા વર્ષની સરખામણીમાં એક લાખ પંચોતેર હજાર કરતાં વધુ છે.

---

-રીપીટ

# Orsang Flood

ઉપરવાસ મધ્યપ્રદેશમાં વરસાદ થતાં છોટાઉદેપુર ઓરસંગ નદીમાં નવા નીર આવ્યા હતા.. નવા પાણીની આવક થતા પ્રજામાં આનંદની લાગણી પ્રવર્તી રહી છે.

મધ્યપ્રદેશના ભાભરાના જંગલોમાંથી નીકળતી ઓરસંગ નદી છોટાઉદેપુર જિલ્લા માટે જીવા દોરી સમાન છે ઉપરવાસમાં ભારે વરસાદથી ઓરસંગ નદીમાં નવા નીર આવવાને કારણે છોટાઉદેપુર અને આસપાસના ગામોમાં પાણીની જરૂરિયાત પૂર્ણ થશે..

---

-રીપીટ